# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-08-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Wednesday** **National News**

## આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

***************************************************

- ✓ કેન્દ્રીય મંત્રીમંડળે 12 નવા ગ્રીનફિલ્ડ ઔદ્યોગિક સ્માર્ટ શહેરને મંજૂરી આપતા 10 લાખ પ્રત્યક્ષ રોજગારનું સર્જન થશે.
- ✓ ગુજરાતના આઠ સહિત દેશના 234 નવા શહેરમાં 730 ખાનગી FM ચેનલ શરૂ કરવા કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી.
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું કે, કોલકત્તાના મહિલા તબીબ સાથેના દુષ્કર્મ અને હત્યાના બનાવથી દેશને આઘાત લાગ્યો છે.
- ✓ પ્રધાનમંત્રી જનધન યોજનાને એક દાયકો પૂર્ણ થયો- દેશભરમાં 53 કરોડથી વધુ લાભાર્થીને બેન્કિંગ સુવિધા અપાઈ.
- ✓ પેરિસમાં આજે રાત્રે પેરાલિમ્પિક્સ રમતોત્સવનો ઉદ્ઘાટન સમારોહ યોજાશે.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CABINET INDUSTRIAL CITIES

કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય ઔદ્યોગિક કોરિડોર વિકાસ કાર્યક્રમ અંતર્ગત 12 નવા ગ્રીનફિલ્ડ ઔદ્યોગિક સ્માર્ટ શહેરને મંજૂરી આપી છે. નવી દિલ્હીમાં મંત્રીમંડળની બેઠક બાદ માધ્યમોને સંબોધતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, આ ઔદ્યોગિક ક્ષેત્રમાં સંયુક્ત અંદાજિત રોકાણ 28 હજાર 602 કરોડ રૂપિયાનું રહેશે. વધુમાં શ્રી વૈષ્ણવે આ મુજબ જણાવ્યું.

**(બાઇટ- અશ્વિની વૈષ્ણવ- કેન્દ્રીય મંત્રી)**

શ્રી વૈષ્ણવે ઉંમેર્યું, આ ઔદ્યોગિક ક્ષેત્રમાં અંદાજી ઉત્તરાખંડના ખુરપિયા, પંજાબના રાજપુરા-પટિયાલા, મહારાષ્ટ્રના દિઘી, કેરળના પલક્કડ, ઉત્તરપ્રદેશના આગરા અને પ્રયાગરાજ, બિહારના ગયા, તેલંગાણાના જહીરાબાદ, આંધ્રપ્રદેશના ઓરવાકલ અને કોપ્પર્થી તેમ જ રાજસ્થાનના જોધપુર-પાલીમાં આવેલા છે.

# CABINET FM RADIO

કેન્દ્રીય મંત્રીમંડળે દેશભરના 234 નવા શહેરમાં 730 ખાનગી FM ચેનલની ઇ-હરાજી કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. ગુજરાતના અમરેલી, ભુજ, બોટાદ, દાહોદ, ગાંધીધામ, જેતપુર નવાગઢ, પાટણ અને સુરેન્દ્રનગર દુધરેજમાં ત્રણ-ત્રણ મળી કુલ 24 ખાનગી એફએમ રેડિયોની સ્થાપના થશે.

## (બાઇટ- અશ્વિની વૈષ્ણવ-કેન્દ્રીય મંત્રી)

આ નિર્ણયથી સ્થાનિક લોકોને માતૃષાભામાં થતાં પ્રસારણથી પ્રોત્સાહન મળશે. તેમ જ રોજગારની નવી તકનું સર્જન થશે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું, મંત્રીમંડળના નિર્ણયથી બીજી અને ત્રીજી શ્રેણીના શહેરોમાં FM રેડિયો પહોંચી શકશે. તેમણે કહ્યું, જેનાથી સ્થાનિક પ્રતિભાઓ પર વિશેષ ધ્યાન અપાશે.

મંત્રીમંડળે કેન્દ્રીય ક્ષેત્રની યોજના જેવી કે, કૃષિ આંતરમાળખાકીય ભંડોળના વિસ્તરણને પણ મંજૂરી આપી છે. જેનાથી દેશમાં કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલી પાયાની સુવિધાઓ મજબૂત બનશે અને ખેડૂતોને લાભ થશે. આ ભંડોળ ખેડૂતોને નાણાકીય સહાય પૂરી પાડવા માટે એક લાખ કરોડ રૂપિયાની રકમની સાથે વર્ષ 2020માં બનાવવામાં આવ્યું હતું.

## PREZ. KOLKATA INCIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે જણાવ્યું હતું કે, કોલકાતામાં મહિલા તબીબ સાથે થયેલા દુષ્કર્મ અને તેની હત્યાની ઘટનાથી સમગ્ર દેશ આઘાતમાં છે. શ્રીમતી મુર્મૂએ ઉમેર્યું, તાજેતરમાં મહિલાઓ સામેના વધતા ગુનાઓ અંગે આપણે આત્મમંથન કરવાની જરૂર છે. રાષ્ટ્રપતિએ સોશિયલ મીડિયા પર શેર કરેલા એક લેખમાં આ મુજબ જણાવ્યું હતું.

રાષ્ટ્રપતિશ્રીએ કહ્યું, મહિલાઓ પર થતા અત્યાચારમાં નાની બાળકીઓ પણ સામેલ છે. અને કોઈ પણ સભ્ય સમાજ બહેન દીકરીઓને આ રીતે અત્યાચારનો ભોગ બનતા સહન ન કરી શકે.

સુશ્રી મુર્મૂએ ઉમેર્યું, આવી ઘટનાઓથી દેશભરમાં રોષ ફેલાવવો સ્વાભાવિક છે. સંવિધાન મહિલાઓ સહિત તમામ નાગરિકોને સમાનતા આપે છે, પરંતુ વિશ્વના અનેક ભાગમાં આ ફક્ત આદર્શ માત્ર છે. રાષ્ટ્રપતિએ ઉંમેર્યું, સરકારે આ સમાનતાને સુનિશ્ચિત કરવા માટે સંસ્થાન બનાવવી પડશે અને અનેક કાર્યક્રમ તેમ જ અભિયાન શરૂ કરવું પડશે.

# CABINET NORTH EAST

કેન્દ્રીય મંત્રીમંડળે જળવિદ્યુત યોજનાઓના વિકાસ માટે ઉત્તર-પૂર્વ રાજ્યોની સરકારોને નાણાકીય સહાય પૂરી પાડવાનો નિર્ણય કર્યો છે. મંત્રીમંડળે આ મામલે ઊર્જા મંત્રાલયના પ્રસ્તાવને મંજૂરી આપી છે.

ચાર હજાર 136 કરોડ રૂપિયાના ખર્ચની આ યોજનાને વર્ષ 2024-25થી 2031-32 સુધી લાગુ કરવામાં આવશે. તેમ જ યોજના હેઠળ લગભગ 15 હજાર મેગાવૉટની સંચિત જળવિદ્યુત ક્ષમતાને સમર્થન અપાશે. આ યોજના કેન્દ્રીય જાહેર ક્ષેત્રના ઉપક્રમના તમામ પ્રૉજેક્ટ માટે રાજ્ય સરકાર સાથે સંયુક્ત સાહસ કંપનીની રચના કરવાની જોગવાઈ કરે છે.

# GADKARI ROAD SAFETY

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું, સરકારે દેશમાં માર્ગ અકસ્માતને ઘટાડવા માટે અનેક પગલાં ભર્યા છે. આવી દુર્ઘટનાઓના કારણ જાણવા માટે રસ્તાઓનું ઑડિટ કરવામાં આવી રહ્યું છે.

ઉપરાંત અકસ્માતમાં ઇજાગ્રસ્તોને સમયસર બચાવવા એમ્બુલન્સ વાહનો અને તેમના કર્મચારીઓને પણ નવી તકનીકી તાલીમ આપવામાં આવી રહી છે. શ્રી ગડકરીએ નવી દિલ્હીના છઠ્ઠા ફિક્કી માર્ગ સલામતી પુરસ્કાર અને સંમેલન 2024માં સંબોધન કરતા આ મુજબ જણાવ્યું હતું.

શ્રી ગડકરીએ ઔદ્યોગિક અને શૈક્ષણિક સંસ્થાઓ સહિત તમામ હિતધારકોને માર્ગ સલામતી ઑડિટમાં યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

## JAN DHAN YOJANA

પ્રધાનમંત્રી જનધન યોજનાને આજે એક દાયકો પૂર્ણ થયો છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધી દેશભરમાં 53 કરોડથી વધુ લાભાર્થીઓને બેન્કિંગ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી આવી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આ યોજનાના તમામ લાભાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે. તેમ જ આ યોજનાને સફળ બનાવનારા લોકોનો આભાર વ્યક્ત કર્યો છે. પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયાના સંદેશમાં કહ્યું, જનધન યોજનાએ નાણાકીય સમાવેશને

વધારવા અને કરોડો લોકો, વિશેષ રીતે મહિલાઓ, યુવાનો અને વંચિત સમુદાયોને સન્માન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામણે કહ્યું છે કે, આ યોજના અંતર્ગત 67 ટકા ખાતા ગ્રામ્ય અથવા અર્ધ-શહેરી વિસ્તારોમાં ખોલવામાં આવ્યા છે. યોજના અંતર્ગત શરૂ કરાયેલા કુલ ખાતાઓમાંથી 55 ટકા ખાતા મહિલાઓએ ખોલાવ્યા છે.

## PARIS PARALYMPICS

પેરિસમાં આજે પેરાલિમ્પિક્સ રમત 2024નો ઉદ્ઘાટન સમારોહ ભારતીય સમય અનુસાર રાત્રે સાડા 11 વાગ્યે યોજાશે. ભારત તરફથી ભાલાફેંક ખેલાડી સુમિત અંતિલ અને શૉટપૂટ ખેલાડી ભાગ્યશ્રી જાધવ ધ્વજવાહક રહેશે. આ વખતે પેરાલિમ્પિક્સ માટે કુલ 84 ખેલાડીની ભારતીય ટુકડી 12 વિવિધ રમતમાં ભાગ લેશે.

આ વખતે 32 મહિલા પેરા-એથલિટ ભારતનું પ્રતિનિધિત્વ કરશે. ગઈ પેરાલિમ્પિક્સ રમતમાં ભારત તરફથી 54 ખેલાડીની ટુકડી રમવા ગઇ હતી. હતું. ત્યારે કુલ 19 ચંદ્રક જીતવામાં સફળતા મળી હતી.

## WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી 48 કલાક માટે ગુજરાતના કેટલાક જિલ્લાઓ માટે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

જ્યારે કચ્છ અને સૌરાષ્ટ્રના અલગ-અલગ સ્થળોએ અતિભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગે અમદાવાદ, વડોદરા સહિત કેટલાક જિલ્લાઓ માટે ફ્લડ રિસ્ક અલર્ટ પણ આપ્યું છે. છેલ્લા 24 કલાક દરમિયાન દરમિયાન રાજ્યના 200થી વધુ તાલુકામાં હળવોથી ભારે વરસાદ નોંધાયો છે.

# PM PHONE CM PATEL

ગુજરાતમાં પૂરની સ્થિતિ વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ફોન પર વાતચીત કરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. શ્રી મોદીએ પૂરથી સ્થિતિનિ પહોંચી વળવા કેન્દ્ર તરફથી શક્ય તમામ મદદ પૂરી પાડવાનું આશ્વાસન આપ્યું છે.

હવામાન વિભાગે આજે રાજ્યના અનેક વિસ્તારમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. જ્યારે સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાત સહિત અનેક જિલ્લા માટે રેડ અલર્ટ પણ જાહેર કર્યું છે. દરમિયાન વડોદરા સહિતના પૂરથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં રાહત અને બચાવ અભિયાન યથાવત્ છે.

# EVE NTF MEETING

કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન અને આરોગ્ય સચિવ અપૂર્વ ચંદ્રાની સહ-અધ્યક્ષતામાં આજે તમામ રાજ્યના મુખ્યસચિવ અને પોલીસ મહાનિદેશક સાથે બેઠક યોજાઈ ગઈ.

દરમિયાન બંને અધિકારીઓએ તબીબો અને આરોગ્યકર્મીઓની સલામતી માટે લીધેલા તાત્કાલિક પગલાંની માહિતી મેળવી હતી. કેન્દ્રીય ગૃહ સચિવે અધિકારીઓને CCTV કેમેરા લગાવવા, આરોગ્યકર્મીઓ માટે 112 હેલ્પલાઈન સાથે સંકલન, મોટા હૉસ્પિટલ સુધી સરળતાથી પહોંચવું, હૉસ્પિટલમાં ભારતીય ન્યાય સંહિતા અંતર્ગત સુધારેલી સ્થિતિ સુનિશ્ચિત કરવા અનુરોધ કર્યો છે.

જ્યારે આરોગ્ય સચિવ અપૂર્વ ચંદ્રાએ રાજ્યોને નવા વિચારની સાથે આવવા માટે પ્રોત્સાહિત કર્યા અને તાત્કાલિક પગલાંઓ પર ભાર મુક્યો હતો.